જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૧૨/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૨૦૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૩/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૨૭	૦	૧૧૭૨૭	૧૭૮૩૭	૦	૧૭૮૩૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૨	૦	૧૨૨	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૪૪૪૯	૨૨	૭૪૪૭૧	૭૫૫૫૨	૨૨	૭૫૫૭૪
કુલ		૯૧૦૩૧	૨૨	૯૧૦૫૩	૧,૦૦,૦૬૮	૨૨	૧,૦૦,૦૯૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	**MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ**
૧	અમદાવાદ શહેર	૩૭	૪,૧૩,૧૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૮૫	૨,૮૫,૦૦૦/-

વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન

ગાંધીનગર અડાલજ પોલીસ સ્ટેશન તથા મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે તાજેતરમા દાખલ થયેલ વાહન ચોરીના વણશોધાયેલ ગુનાના આરોપીને ગુનામા ચોરીએ ગયેલ બે ઓટો રીક્ષા સાથે ગણતરીના સમયમા શોધી તેમજ ચોરી કરવામા મદદ કરનાર ઇસમને પણ ગણતરીના સમયમા શોધી પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સે-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી જી ડિવીઝન નાઓની સુચના આધારે તથા સીનીયર પો.ઇન્સ શ્રી જે.એલ.ચૌહાણ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા મિલ્કત સંબધી ગુનાઓ શોધી કાઢવા તેમજ અટકાવવા સારૂ તેમજ તાજેતરમા થયેલ વાહન ચોરીના ગુના શોધી કાઢવા સારૂ સર્વેલન્સ સ્કોડના પો.સબ ઇન્સ. વી.એ.હરકટ તથા સ્ટાફના માણસો તા:-૨૯/૧૧/૨૦૨૧ ના રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગ કરી તાજેતરમા દાખલ થયેલ વાહન ચોરીના ગુનાના આરોપીઓની બાતમીદારો મારફતે તથા સ્ટાફના માણસો મારફતે ખુબ જ મહેનત કરી ખંત પુર્વક તપાસ કરી કરાવતા સાથેના પો. સબ ઇન્સ. વી.એ.હરકટ તથા અનાર્મ પો.કો. મનોજસિહ મુકુન્દસિહ બ.ન. ૩૪૨૮ અનાર્મ પો.કો કિરણસિહ ગોપાલસિહ બ.નં.૯૨૧૦ નાઓની સયુક્ત બાતમી હકીકત આધારે ગાંધીનગર અડાલજ પોલીસ સ્ટેશન પાર્ટ-એ-૧૧૨૧૬૦૦૧૨૧૦૭૫૯/૨૦૨૧ ઇ.પી.કો. કલમ-૩૭૯ મુજબ તથા મેઘાણીનગર પોલીસ સ્ટેશન પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૩૨૧૧૩૦૬/૨૦૨૧ ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબના વણશોધાયેલ વાહન ચોરીના ગુનાઓના કામે ચોરીએ ગયેલ (૧) પેસેન્જર ઓટો રીક્ષા નંબર- GJ-01-TD-0847 કિ.રૂા ૭૦,૦૦૦/- તથા (૨) પેસેન્જર ઓટો રીક્ષા નંબર-GJ-27-U-6013 કિ.રૂા ૬૦,૦૦૦/- ની મળી કુલ્લે કિ.રૂા ૧,૩૦,૦૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે આરોપી નામે રવીન્દ્ર ઉર્ફે છોટુ કાલીચરણ રાજપુત (લોધી) ઉ.વ-૨૬ રહેવાસી- હાલમા-સત્ય નારાયણ દૂધ ઘરની ગલી હિતેષભાઇ વકીલના મકાનમા ભાડેથી બંગલા એરીયા કુબેરનગર અમદાવાદ શહેર તથા રહેવાસી-પુષ્પાનગર ગલી નં-એ/૧૦ ભગવતી સ્કુલ પાસે ભાર્ગવ રોડ મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ-વિધાપુરા તા-બાહ થાના-પિનાહટ જીલ્લો-આગ્રા (ઉત્તરપ્રદેશ) નાને ગણતરીના સમયમા તા:-૨૯/૧૧/૨૦૨૧ ના કલાક ૧૫/૩૦ વાગે શોધી પકડી પાડી તેમજ સહઆરોપી નામે અર્જુન ઉર્ફે મુન્ના માઇકલ રામનારાયણ રાઠોડ ઉવ-૨૦ રહેવાસી-પરિહારનગર ગલી નંબર-૩ ભગવતી સ્કૂલની પાસે ભાર્ગવ રોડ મેઘાણીનગર અમદાવાદ શહેર મુળવતન-ગામ બોનાપુરા જીલ્લો-ભીંડ મધ્યપ્રદેશ નાને પણ તા:-૨૯/૧૧/૨૦૨૧ ના કલાક ૧૬/૪૫ વાગ્યે પકડી સારી તેમજ પ્રશંસનિય કામગીરી કરેલ છે.

પકડાયેલ આરોપીઓના નામ સરનામા:-

(૧) રવીન્દ્ર ઉર્ફે છોટુ કાલીચરણ રાજપુત (લોધી) ઉ.વ-૨૬ રહેવાસી- હાલમા-સત્ય નારાયણ દૂધ ઘરની ગલી હિતેષભાઇ વકીલના મકાનમા ભાડેથી બંગલા એરીયા કુબેરનગર અમદાવાદ શહેર તથા રહેવાસી-પુષ્પાનગર ગલી નં-એ/૧૦ ભગવતી સ્કુલ પાસે ભાર્ગવ રોડ મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ-વિધાપુરા તા-બાહ થાના-પિનાહટ જીલ્લો-આગ્રા (ઉત્તરપ્રદેશ)
(૨) અર્જુન ઉર્ફે મુન્ના માઇકલ રામનારાયણ રાઠોડ ઉવ-૨૦ રહેવાસી-પરિહારનગર ગલી નંબર-૩ ભગવતી સ્કૂલની પાસે ભાર્ગવ રોડ મેઘાણીનગર અમદાવાદ શહેર મુળવતન-ગામ બોનાપુરા જીલ્લો-ભીંડ મધ્યપ્રદેશ

આરોપી-રવીન્દ્ર ઉર્ફે છોટુ પાસેથી કબ્જે કરેલ મુદ્દામાલ:-

(૧) ગાંધીનગર અડાલજ પોલીસ સ્ટેશન પાર્ટ-એ-૧૧૨૧૬૦૦૧૨૧૦૭૫૯/૨૦૨૧ ઇ.પી.કો. કલમ-૩૭૯ મુજબના ગુનામા કામે ચોરીએ ગયેલ પેસેન્જર ઓટો રીક્ષા નંબર- GJ-01-TD-0847 કિ.રૂા ૭૦,૦૦૦/- ની તથા
(૨) મેઘાણીનગર પોલીસ સ્ટેશન પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૩૨૧૧૩૦૬/૨૦૨૧ ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબના ગુનામા કામે ચોરીએ ગયેલ પેસેન્જર ઓટો રીક્ષા નંબર-GJ-27-U-6013 કિ.રૂા ૬૦,૦૦૦/- ની મળી કુલ્લે કિ.રૂા ૧,૩૦,૦૦૦/- ની મત્તાના મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી

(૧) પો.સબ ઇન્સ. વી.એ.હરકટ (૨) એ.એસ.આઇ સાગરભાઇ ખુમાભાઇ બ.નં.૫૨૦૦ (૩) એ.એસ.આઇ દિનેશકુમાર મીઠાલાલ બ.નં.૭૬૧૧ (૪) એ.એસ.આઇ રમેશભાઇ વશરામાભાઇ બ.નં.૭૮૫૪ (૫) અનાર્મ હેડ કોન્સ. અશ્વીનભાઇ મણીલાલ બ.નં.૮૭૨૦ (૬) અનાર્મ હેડ કોન્સ. સિરાજઅહેમદ લીયાકતઅલી બ.નં.૮૩૩૮ (૭) અનાર્મ પો.કો. મનોજસિહ મુકુન્દસિહ બ.ન. ૩૪૨૮ (૮) અનાર્મ પો.કો. દિનેશભાઇ જેઠાભાઇ બ.નં.૧૧૭૯૬ (૯) અનાર્મ પો.કો. ભરતસિંહ ભુપતસિંહ બ.નં.૮૫૨૮ (૧૦) અનાર્મ પો.કો. કિરણસિંહ ગોપાલસિંહ બ.નં.૯૨૧૦ તથા (૧૧) અનાર્મ લોકરક્ષક પાર્થ ધર્મેન્દ્રકુમાર બ.નં.૧૧૭૪૮ (૧૨) અનાર્મ લોકરક્ષક જતીનભાઇ દિનેશભાઇ બ.નં.૧૨૭૯૮ (૧૩) અનાર્મ લોકરક્ષક અરૂણસિંહ યશપાલસિંહ બ.નં.૪૭૪૨



પાસા અટકાયતની વિગત

ખાડીયા પોલીસ સ્ટેશન

મિલ્કત સબંધી ગુનાના કામે પાસા અટકાયતીને અટકાયત કરી લાજપોર સુરત જેલ ખાતે મોકલી આપી ખાડીયા પોલીસ

મહે. પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ અમદાવાદ શહેરનાઓના હુકમ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ આર.વી.અસારી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૩ મકરંદ ચૌહાણ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'ઇ' ડિવીઝન સાગર સાંબડા સાહેબનાઓના માર્ગદર્શન અને સુચના હેઠળ પોલીસ ઇન્સપેક્ટરશ્રી પી.ડી.સોલંકી નાઓએ અ.મ.સ.ઈ. ગેમરભાઇ આલાભાઇ તથા અ.લો.ર. રાજેશકુમાર ધરમશીભાઇનાઓની મદદ આધારે ખાડીયા પોલીસ સ્ટેશનના મિલ્કત સબંધી ગુનાઓ (૧) ખાડીયા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.-૧૧૧૯૧૦૦૫૨૦૦૦૬૦ ધી ઇ.પી.કો. કલમ- ૩૭૯,૧૧૪ તથા (૨) ખાડીયા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.-૧૧૧૯૧૦૦૫૨૧૦૧૬૯ ઇ.પી.કો. કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુનામાં સંડોવાયેલ ઇસમ ફિરોજ ઉર્ફે ખજ્જા સ/ઓ ઉસ્માનભાઈ ઈશાભાઈ શેખ ઉ.વ- ૪૧ રહે- જેઠાલાલની ચાલી મેલડીમાતાના મંદીર નજીક ડો. અમીત શાહના દવાખાનાની સામે બહેરામપુરા અમદાવાદ શહેર મુળ વતન ગામ- જાંબુ તા.- લીમડી જી- સુરેન્દ્રનગરનાની વિરૂદ્ધ પાસા અટકાયત અંગેની દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓ સમક્ષ દરખાસ્ત રજુ કરતાં પાસા અટકાયત હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૭૦૦/૨૦૨૧ તા.- ૦૨/૧૨/૨૦૨૧ મુજબથી હુકમ થતાં સદરી હુકમ આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ.શ્રી આર.એચ.દેસાઈનાઓની ટીમ દ્વારા સદરી પાસા અટકાયતીને શોધી કાઢી અત્રેના પો.સ્ટે. ખાતે લાવી રજુ કરતાં અ.મ.સ.ઈ. ગેમરભાઇ આલાભાઇ બ.નં.- ૮૦૨૨ નાઓએ સદરી પાસા અટકાયતીને તા.- ૦૨/૧૨/૨૦૨૧ ના રોજ હુકમની બજવણી કરી મધ્યસ્થ લાજપોર સુરત જેલ ખાતે પાસા અટકાયત હેઠળ મોકલી આપવા તજવીજ કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે. તા- ૦૩/૧૨/૨૦૨૧.



નરોડા પોલીસ સ્ટેશન

પ્રોહીબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટરશ્રી નાઓની સુચના મુજબ નરોડા પોલીસ સ્ટેશન પાર્ટ-સી-ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૫૨૧૨૦૬૬/૨૦૨૧ પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨) મુજબનો ગુનો દાખલ થયેલ જે આધાર રેકર્ડ તૈયાર કરી આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૭૧૫/૨૦૨૧ તા.૦૩/૧૨/૨૦૨૧ ના હુકમ આધારે સદરી આરોપીને તા.૦૩/૧૨/૨૦૨૧ ના કલાક ૨૧/૧૫ વાગે પાસા હુકમની કાયદેસર બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર-સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૦૩/૧૨/૨૦૨૧

આરોપીનુ નામ :

હાર્દીક ચંદ્રકાંત પંડ્યા ઉ.વ.૩૫ રહે-મ.નં.એફ/૫૧૨ વૃંદાવન રેસીડેન્સી વિઠ્ઠલપ્લાઝા ની પાછળ હંસપુરા નરોડા અમદાવાદ શહેર મુળ ગામ-રુદણ તા-ખેડા, જી-કપડવંજ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ. પર્સનલના એ.એસ.આઇ. યોગેશકુમાર સેમ્યુલભાઇ બ.નં.૧૩૬૪૪ તથા હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૦૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૧૮૦ લીટર દેશી દારૂ, ૭૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૬ બિયર ટીન અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૮,૯૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૦૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૨૦૫/૨૦૨૧**

નવરંગપુરાઃ દેવાંગભાઇ સ/ઓ વસંતભાઇ શાહ (ઉ.વ.૪૫) (રહે. નુતનશકિત સોસાયટી રેલવે ક્રોસીંગ પાસે રમણનગર મણીનગર) એ તા.૦૩/૧૨/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ઓકટોબર/૨૦૨૧ થી તા.૦૨/૧૨/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) ગૌરાંગભાઇ વાસુદેવભાઇ પંડયા (રહે. સારાવી સોસાયટી વડીવાડી વડોદરા) (૨) મહેશભાઇ રામસ્વરૂપ ગોડલીયા (રહે. શ્રીનંદ બંગ્લોઝ, ન્યુ મણીનગર (૩) રૂપેન્દર રવિન્દ્રરસીંગ અરોરા (૪) નિકુલભાઇ ભીમજીભાઇ રાઠોડ અને (૫) રામશીવા (રહે.ચેન્નઇ) એ ભેગા મળી નવરંગપુરા સી.જી.રોડ ફેમીના ટાઉનની ગલીમાં આનંદમંગલ-૧ કોમ્પ્લેક્ષમાં ઓફીસ નં.૧૧૮ ખાતે “શ્રી કૃપા એન્ટરપ્રાઇઝ નામની આંગડીયા પેઢી ખોલી દેવાંગભાઈ શાહને વિશ્વાસમાં લઇ ધંધા માટે આઠ કરોડ રૂપીયાનો ડી.ડી.આપવાની લાલચ આપી દેવાંગભાઈ પાસેથી રૂપિયા ૧૧,૧૫,૦૦૦/- મેળવી લઈ આંગડીયા પેઢી બંધ કરી નાસી જઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.એન.સાંસલા ચલાવે છે.

સરખેજઃ અમિતભાઈ હરીવદનભાઈ પરીખ (ઉ.વ.૫૬) (રહે. વિભુતી એપાર્ટેમેન્ટ સ્ટાર ઈન્ડિયા બજાર પાછળ જોધપુર ચાર રસ્તા સેટેલાઈટ) એ તા.૦૩/૧૨/૨૦૨૧ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૫/૨૦૨૧ ના રોજ સરખેજ જુહાપુરા ખાતે આવેલ અલ-હસન સેફાયર બંગલા સ્કિમમાં બંગલા નંબર.૯,૧૩,૧૪,૧૫ કુલ ૪ બંગલા ખરીદ કરી રૂપિયા ૧,૦૪,૦૦,૦૦૦/- ચુકવી નોધાવ્યા હતા. ત્યારબાદ અફાક બિલ્ડર્સ પ્રા.લી.કંપનીના અન્ય ડીરેકટર સાહીદાબાનુ અયુબખાન પઠાણ અને અફાકખાન અયુબખાન પઠાણ એ બંગલાનું પજેશન નહિ આપી કે ચુકવેલ પૈસા પાછા નહી આપી નાસી જઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એમ.કણસાગરા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૨૨૦૬/૨૦૨૧**

ઈસનપુરઃ સુરેશભાઈ વા/ઓ દિપાજી ખટિક (રહે. ગાયત્રીનગર સોસાયટી ચંદનપાર્કની બાજુમાં ઈસનપુર) એ તા.૦૩/૧૨/૨૦૨૧ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૧/૨૦૨૧ કલાક ૪/૦૦ થી તા.૦૨/૧૨/૨૦૨૧ કલાક ૪/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૩૩,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.પરમાર ચલાવે છે.

વાહન ચોરીઃ- **સમાચાર યાદી નં.૨૨૦૭/૨૦૨૧**

જીઆઈડીસી વટવાઃ રાજેશકુમાર બિપીનચન્દ્ર ભટ્ટ (રહે. સત્સંગ રેસીડેન્સી એસ.પી.રીંગ રોડ વિંઝોલ) એ તા.૩૦/૧૧/૨૦૨૧ સાંજના ૫/૩૦ વાગે પોતાના રહેણાંકના પાર્કીંગમાં પોતાની મારૂતી સ્વીફ્ટ કાર નંબર જીજે ૨૭ ડીએચ ૪૭૧૦ કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૦૧/૧૨/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ રાજેશકુમાર ભટ્ટ એ તા.૦૩/૧૨/૨૦૨૧ ના રોજ જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એમ.રાઠોડ ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૨૦૮/૨૦૨૧**

"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ યોગેશભાઈ મોહનભાઈ પ્રજાપતિ (ઉ.વ.૬૦) (રહે. કે.બી.રોયલ ફ્લેટ ગ્રીન વોરા પાસે સત્યમ હોસ્પીટલ પાછળ ચાંદખેડા) તા.૦૩/૧૨/૨૦૨૧ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે લાંભા ભમ્મરીયા ટર્નીંગ થી નારોલ સર્કલ હાઈવે કોઠારી મેટલ્સ પ્રા.લી. સામેથી લોડીંગ રિક્ષા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા ટ્રક ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લોડીંગ રિક્ષાને ટક્કર મારતા રિક્ષા પલ્ટી મારી જતા યોગેશભાઈ પ્રજાપતિને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર યોગેશભાઈના પુત્ર પવનભાઈ એ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઇ.શ્રી આર.એમ.રાઠવા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૨૦૯/૨૦૨૧**

શહેરકોટડાઃ અજય ચમનભાઇ પટણી (ઉ.વ.૧૯) (રહે. ન્યુ સંજયનગર ફલેટ અનિલમીલ રોડ સરસપુર) એ અગમ્ય કારણસર તા.૦૨/૧૨/૨૦૨૧ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રાયમલભાઇ જયોતિભાઇ ચલાવે છે.

શાહીબાગઃ રૂપલબહેન ચંદુભાઇ મેઘવાલ (ઉ.વ.૪૧) (રહે. અસારવા શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૦૩/૧૨/૨૦૨૧ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.ઝાલા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.